નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વડી કચેરી ખાતે S.D.O. કેડરમાંથી વહીવટી અધિકારી વર્ગ-૨ની ૦૧ નવી જગ્યા ઉભી કરવા માટે રૂ. ૫.૪૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૨૦/૩૭૪૭૦/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૨૪/૦૩/૨૦૨૧

**વંચાણે લીધા:-**

**(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૨/૦૨/૨૦૨૧ના પત્ર ક્રમાંક:- સસુખા/મકમ/નવી બાબત/૨૦-૨૧/૭૮૪**

**પ્રસ્તાવના:-**

નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વડી કચેરી, ગાંધીનગર ખાતે S.D.O. કેડરમાંથી વહીવટી અધિકારી વર્ગ-૨ની ૦૧ નવી જગ્યાને ઉભી કરવા માટે રૂ. ૫.૪૦ લાખનો ખર્ચ કરવાની નવી બાબતને વર્ષ ૨૦૨૦-૨૧ માં મંજુરી આપવામાં આવેલ છે. ઉક્ત આપેલ મંજુરી અન્વયે વિભાગની બજેટ બુક નં.૨૪-૧ પાના નં.૯૪ના અનુક્રમ નં.૧૬ ઉપર રૂ.૫.૪૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલા ક્રમાંક:-(૧) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૨/૦૨/૨૦૨૧ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વડી કચેરી ખાતે S.D.O. કેડરમાંથી વહીવટી અધિકારી વર્ગ-૨ની ૦૧ નવી જગ્યાને ઉભી કરવા માટે રૂ. ૫.૪૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે નિયામક, સમાજ સુરક્ષાની વડી કચેરી, ગાંધીનગર ખાતે S.D.O. કેડરમાંથી વહીવટી અધિકારી વર્ગ-૨ની ૦૧ નવી જગ્યાને ઉભી કરવા માટે રૂ. ૫.૪૦ લાખનો ખર્ચ કરવાની નીચેની શરતોને અધિન આથી, વહિવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો :-**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને અધિન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને અધિન તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો પ્રવર્તમાન સંબંધિત નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો ROP-2006/ROP-2016/Pay-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણુક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:-નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૨) રાજય સરકાર દ્વારા વખતો-વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પુરી થતાના એક માસ અગાઉ જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજુરી મેળવવા દરખાસ્ત કરવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

<u>માંગણી નં. ૯૨</u>

૨૨૩૫ - સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨ - સમાજ કલ્યાણ

૧૦૧ - વિકલાંગોનુ કલ્યાણ

૦૧ - એસ.એસ.ડબલ્યુ.- ૦૫-દિવ્યાંગ કલ્યાણ(શિષ્યવૃતિ, સાધનસહાય, ગ્રાન્ટ ઇન એઇડ કોડ મુજબ સહાય, સમુહ આધારિત પુન:સ્થાપન, સંત સુરદાસ પેન્શન યોજના અને વીમા યોજના)

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૭/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કરિશ્મા પટેલ)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અ.મુ.સચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, વિંગ ડી નં-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(મારફતે:-નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(મારફતે:-નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

-સિલેક્ટ ફાઇલ